| | |
|---|---|
| કેસ પ્રાપ્તિ તારીખ | ઃ ૧૨–૦૧–૨૦૧૭ |
| કેસ રજી. તારીખ | ઃ ૧૨–૦૧–૨૦૧૭ |
| કેસ ફેસલ તારીખ | ઃ ૨૯–૧૨–૨૦૧૮ |
| અવધી | ઃ વર્ષ. માસ. દિવસ. |

# મે.સુરતના સ્પેશ્યલ (પોસ્કો)જજ સાહેબની કોર્ટમાં

**સ્પે.પોકસો કેસ નંબરઃ ૧૩/૨૦૧૭**

**આંકઃ**

**ફરીયાદીઃ** **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**વિરૂધ્ધ**

**આરોપીઃ** **નરેશ ઉર્ફે નરીયો ધીરૂભાઈ સાથળીયા**

રહેવાસીઃ–દાદાના ચોકથી કોળીવાડ નિંગાળા

તા.ગઢડા,જી–બોટાદ

**તહોમતઃ–** **ઈ.પી.કો. કલમ ૩૬૩,૩૬૬,૩૭૬ તથા ધ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એકટ–૨૦૧૨ ની કલમ ૪ અને ૬મુજબ**

**ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.વી.દવે**

**આરોપી તરફે વિ.વકીલ શ્રી વી.બી.માળી**

## ૦૦ ચુકાદો ૦૦

**નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને લક્ષમાં રાખી તેમજ સદરહું કાયદાની જોગવાઈ અનુસાર સદર ચુકાદામાં ભોગ બનનારના નામનો**

**ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેના નામની જગ્યાએ ભોગ બનનાર તરીકે ઉલ્લેખ કરેલ છે.**

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ અમરોલી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૧૦૧/૨૦૧૬,ઈ.પી.કો.કલમ ૩૬૩,૩૬૬,૩૭૬ મુજબનો ગુનો નોંધાયેલ છે અને ત્યારબાદ હાલમાં આરોપી જામીન મુકત છે. ત્યારબાદ ભોગ બનનારની ઉંમર ૧૫ વર્ષ ૧૧ માસની હોય આરોપી વિરૂધ્ધ ધ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ એકટ–૨૦૧૨ ની કલમ ૪ અને ૬ મુજબનો પણ ગુનો બનતો હોય તે મુજબનું તહોમતનામું અત્રેની કોર્ટ દ્વારા ઘડવામાં આવેલ છે.

**(ધ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એકટ–૨૦૧૨ ને પોકસો તરીકે લખવામાં આવેલ છે.)**

**(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કેઃ–**

આ કામના આરોપીએ ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી તા.૧૦.૧૦.૧૬ ના કલાક ૧–૦૦ વાગ્યાના સુમારે તેણીને લલચાવી,ફોસલાવી,લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી લઈ જઈ ભોગ બનનારની મરજી વિરૂધ્ધ જબરજસ્તીથી શરીર સંબંધ બાંધી આરોપીએ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૬૩,૩૬૬,૩૭૬ તથા ધ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ

સેકસ્યુઅલ ઓફેન્સ એકટ–૨૦૧૨ ની કલમ ૪ અને ૬ મુજબનો શીક્ષાનેપાત્ર ગુનો કરેલ અને ફરીયાદીની તે મુજબની ફરીયાદ આધારે તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી હાલના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં સ્પે.જજ શ્રી (પોકસો)ની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ જેને સ્પે.પોકસો કેસ નં. ૧૩/૨૦૧૭ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

(૩) આરોપી અદાલત સમક્ષ હાજર થતાં તેમને ક્રીમી,પ્રોસી.કોડની કલમ ૨૦૭ મુજબ પોલીસ તપાસના કમામ કાગળો મળી ગયેલ છે તેની ખાત્રી કરી આરોપી વિરૂધ્ધ આંક–૦૭ થી તહોમતનામું ફરમાવી આંક–૦૮ થી આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ છે,જેમાં આરોપીએ ગુનો રાખેલ નહીં જેથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.કેસની હકીકતો તથા રેકર્ડ પરના પુરાવાથી ક્રીમી.પ્રોસી.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ.જેમાં આરોપીએ ફરીયાદ પક્ષનો પુરાવો તેમની રૂબરૂ અને સાંભળતાં લેવામાં આવેલ તે વાત ખરી હોવાનું જણાવેલ છે તેમજ ફરીયાદ પક્ષના અન્ય તમામ આરોપો ખોટા હોવાનું જણાવેલ છે.આરોપીએ સોગંદ ઉપર જુબાની આપવાનો અને બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે ને આરોપીએ વિશેષમાં જણાવેલ છે કે,તેઓ નિર્દોષ છે,તેમના ઉપર ખોટો કેસ કરેલ છે.

(૪) ફરીયાદ પક્ષ તરફે આરોપી સામેના આરોપ નિઃશંકપણે પુરવાર કરવા

નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર ઉપસ્થિત કરવામાં આવેલ છે.

## મૌખિક પુરાવા

| સાહેદ નં. | સાહેદોના નામ | આંક |
|---|---|---|
| ૧ | ડો.આનંદ છોટુભાઈ પટેલ–ભોગ બનનારની શારીરીક તપાસણી કરનાર | ૮ |
| ૨. | ડો.ઉષ્મા જયંત રણાત–આરોપીની શારીરીક તપાસણી કરનાર | ૧૩ |
| ૩. | મનોજભાઈ ભીમજીભાઈ વાઘેલા–ભોગ બનનારના પિતા/ફરીયાદી | ૧૭ |
| ૪ | મંજુબેન મનોજભાઈ વાઘેલા–ભોગ બનનારની માતા | ૨૦ |
| ૫ | ભોગ બનનારની જુબાની | ૨૩ |

## દસ્તાવેજી પુરાવા

| ક્રમ | દસ્તાવેજોનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ભોગ બનનારની શારીરીક તપાસણી માટેની પોલીસ યાદી | ૯ |
| ૨ | ભોગ બનનારના અસલ કેસ પેપર્સ | ૧૦ |
| ૩ | ભોગ બનનારના નમુના સાથેનું ફોર્મ ૨(બી) | ૧૧ |
| ૪. | ભોગ બનનારના અસલ કેસ પેપર્સ | ૧૨ |
| ૫ | આરોપીની શારીરીક તપાસણી માટેની યાદી | ૧૪ |
| ૬ | આરોપીના અસલ કેસ પેપર્સ | ૧૫ |
| ૭ | આરોપીના નમુના સાથેનું ફોર્મ ૨(બી) | ૧૬ |
| ૮ | ફરીયાદ | ૧૮ |
| ૯ | ભોગ બનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર | ૧૯ |
| ૧૦ | ભોગ બનનારનું ક્રી.પ્રો.કો.ક.૧૬૪ મુજબનું નીવેદન | ૨૪ |
| ૧૧ | મુદ્દામાલ આર્ટીકલ નં.૪ થી ૮ માંથી નીકળેલ પંચસ્લીપ | ૨૫ |
| ૧૨ | આરોપીનું શરીરસ્થિતિનું પંચનામું | ૨૬ |

| | | |
|---|---|---|
| ૧૩ | ભોગ બનનારનું શરીરસ્થિતિનું પંચનામું | ૨૭ |
| ૧૪ | રવાનગી નોંધ | ૨૮ |
| ૧૫ | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૨૯ |
| ૧૬ | એફ.એસ.એલ,નો બાયોલોજી પરીક્ષણ અહેવાલ ફોરવર્ડીંગ પત્ર સાથે | ૩૦ |
| ૧૭ | એફ.એસ.એલ,નો સીરોલોજી પરીક્ષણ અહેવાલ | ૩૧ |

ફરીયાદ પક્ષે આંક–૩૩ થી પુરાવા બંધનું પુરસીસ રજુ કરેલ છે.

(૫) ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો પુરો થયા બાદ સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.વી.દવેની દલીલો તેમજ આરોપી તરફે વિ.વ.શ્રી વી.બી.માળીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ઉપરોકત હકીકતોને લક્ષમાં લેતાં આ કેસના નિર્ણય સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છ.

**મુદ્દા**

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પૂરવાર કરે છે કે,બનાવ વખતે ભોગ બનનારની ઉંમર સગીર વયની હતી?

(૨) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે આરોપીએ ફરીયાદીની દીકરી ભોગ બનનાર ઉ.વ.૧૫ વર્ષ ૧૧ માસનીને તા.૧૦.૧૦.૧૬ ના રોજ કલાક ૧–૦૦ વાગ્યાના સુમારે લલચાવી ફોસલાવી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી લઈ જઈ તેણીની મરજી

વિરૂધ્ધ જબરજસ્તીથી તેણી સાથે શારીરીક સંબંધ બાંધી **ભારતીય દંડ સંહીતાની કલમ ૩૬૩,૩૬૬,૩૭૬** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૩) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,ઉપરોકત તારીખે સમયે અને સ્થળેથી ઉપરોકત બનાવના ભાગ રૂપે આરોપીએ ફરીયાદીની સગીરવયની દીકરી/ભોગ બનનારનું યૌનશોષણ કરવાના ઈરાદાથી તેણીને લલચાવી, ફોસલાવી તેણીના કાયદેસરના વાલીપણામાંથી ભોગ બનનાર સગીરવયની હોવાનું જાણવા છતાં અપહરણ કરી લઈ જઈ **બાળકોના જાતીય સતામણીના ગુનાઓની સામે રક્ષણ આપતો કાયદો-૨૦૧૨ ની કલમ-૪-૬** મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૪) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ

**કા ર ણો**

**મુદ્દા નંબરઃ-૧**

(૮) ફરીયાદીની આંક–૧૮ ની ફરીયાદ મુજબ ભોગ બનનારની બનાવ વખતે ઉંમર ૧૫ વર્ષ ૧૧ માસની હોવાનું જણાવેલ છે અને આંક–૧૯ થી ભોગ બનનારનો શાળા છોડયાના દાખલાની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.આંક–૧૯ થી શાળા છોડયાના દાખલામાં જણાવ્યા મુજબ જન્મ તારીખ ૧–૧૧–૨૦૦૦ પુરવાર કરવા માટે આ શાળાના આચાર્યને તપાસવામાં આવેલ નથી અને આ જન્મ તારીખ કયા આધારે નોંધવામાં આવેલ છે તે અંગે કોઈ પુરાવો રજુ થયેલ નથી.ફરીયાદ પક્ષે આંક–૧૭ થી ફરીયાદી જે ભોગ બનનારના પિતા છે તેમણે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ભોગ બનનાર બનાવ વખતે કેટલી ઉંમરની હતી તે હકીકત જણાવેલ નથી.ભોગ બનનારના માતાને આંક–૨૦ થી તપાસવામાં આવેલ છે તેમણે પણ બનાવ વખતે ભોગ બનનારની ઉંમર કેટલા વર્ષની હતી તે જણાવેલ નથી.ભોગ બનનારને આંક–૨૩ થી તપાસવામાં આવેલ છે તેમણે પણ બનાવ વખતે પોતાની ઉંમર કેટલી હતી અને જન્મ તારીખ કઈ છે તે હકીકત જણાવેલ નથી.આમ ફરીયાદ પક્ષ બનાવ વખતે ભોગ બનનાર સગીર વયની હોવાનું પુરવાર કરવામાં નિષ્ફળ રહેલા હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨ અને ૩ :–**

(૯) ફરીયાદીની આંક–૧૮ ની ફરીયાદ મુજબ પોતાની ભોગ બનનાર

દીકરી અને બીજી દીકરી જલારામ સોસાયટીમાં ગરબા રમવા જતી હતી અને બનાવના દીવસે તા.૯.૧૦.૧૬ ના રોજ રાત્રીના સાડા દશેક વાગે બંને દીકરીઓ જલારામ સોસાયટીમાં ગરબા રમવા ગયેલી ત્યારબાદ રાત્રીના એકાદ વાગ્યાના સુમારે તેમની દીકરી અનીશા ઘરે આવેલી પરંતુ ભોગ બનનાર ગરબા રમતી રમતી ક્યાંક ચાલી ગયેલ છે તેવું જણાવેલ જેથી ભોગ બનનારની ફરીયાદીએ શોધખોળ કરવા છતાં મળી આવેલ નહીં અને આ કામના આરોપી નરેશ સાથે ભોગ બનનારના લગ્ન કરવા અંગેની વાતચીત ચાલતી હોય અને આરોપીના ઘરવાળા તે માટે ઉતાવળ કરતા હોય આરોપીની તપાસ કરતાં ઘરે મળી આવેલ ન હોય તેના વિરૂધ્ધ ફરીયાદ આપ્યાનું જણાવેલ છે. આ ફરીયાદની હકીકત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે સાહેદ નં.૩ તરીકે આંક–૧૭ થી ફરીયાદીને તપાસેલ છે.તેમણે પણ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં ફરીયાદમાં જે હકીકત જણાવેલ છે તેને જ સમર્થન આપેલ છે અને ફરીયાદમાં શંકાના આધારે આરોપીનું નામ લખાવેલાનું જણાવી આંક–૧૮ ની ફરીયાદમાં પોતાનું અંગુઠાનું નીશાન ઓળખી બતાવે છે. સાહેદ નં.૪ તરીકે આંક–૨૦ થી ભોગ બનનારની માતાને તપાસવામાં આવેલ છે.તેમણે પણ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં એવું જણાવેલ છે કે ભોગ બનનાર અને બીજી દીકરી નવરાત્રીમાં ગરબા રમવા ગયેલી અને પરત આવેલી નહીં અને ભોગ

બનનારની આરોપી નરેશ સાથે સગાઈ કરેલી અને લગ્ન કરવાના બાકી હતા અને નરેશને ફોન કરવા છતાં તેણે ફોન ઉપાડેલો નહીં જેથી શંકાના આધારે આરોપીનું નામ આપેલ છે.આમ આ સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોવાથી તેમને ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીની ઉલટ તપાસમાં કોઈ મહત્વની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૧૦) ફરીયાદ પક્ષે સાહેદ નં.પ તરીકે આંક–૨૩ થી ભોગ બનારને તપાસવામાં આવેલ છે.જેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આ કામના આરોપી નરેશ ધીરૂભાઈ સાથે તેઓની સગાઈ થયેલી હોય તેઓ બંને જુદી જુદી જગ્યાએ ફરવા ગયેલા અને તે અંગે પોતાના માતા–પિતાને ખબર ન હોવાથી પોતાના પિતાએ ગુમ થવા બાબતની ફરીયાદ આપેલી જેથી ઘરે આવ્યા બાદ તેઓ પોલીસ સ્ટેશન ગયેલ અને ત્યાંથી દવાખાને અને કોર્ટમાં ગયેલ. આંક–૨૪ થી રજુ થયેલ સી.આર.પી.સી. કલમ ૧૬૪ મુજબના નીવેદનમાં પોતાની સહીં ઓળખી બતાવે છે.વધુમાં એવું જણાવે છે કે આરોપી નરેશ તેમને તેમની મરજી વિરૂધ્ધ ભગાડી ગયેલ હોય અને અને તેની સાથે શરીર સંબંધ બાંધેલ હોય તેવું બનેલ નથી.આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.આમ ભોગ બનનાર પોતાના તા.૧૫.૧૦.૧૬ ના પોલીસ રૂબરૂના નીવેદનને સમર્થન આપતા ન હોય તેઓને ફરીયાદ પક્ષે હોસ્ટાઈલ જાહેર

કરવામાં આવેલ છે અને ત્યારબાદ એ.પી.પી.શ્રીની ઉલટ તપાસમાં કોઈ મહત્વની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૧૧) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧ તરીકે આંક–૮ થી ડો.આનંદ છોટુભાઈ પટેલને તપાસેલા છે.તેમણે તા.૧૫–૧૦–૧૬ ના રોજ ભોગ બનનારને તપાસેલા છે અને ભોગ બનનારે આ ડોકટર રૂબરૂ હીસ્ટ્રી આપેલ કે તેમની સમક્ષ આવવાના બે–ત્રણ દીવસ પહેલાં તેઓ નિંગાળા ગામ,વિસાવદર પાસે બસ દ્વારા પાવાગઢ થઈને ગયેલ અને તેઓ ત્યાં આરોપીના ઘરે રોકાયેલા અને તા.૧૫–૧૦–૧૬ ના રોજ સવારે સુરતથી પરત ફરી પોલીસ સ્ટેશનમાં હાજર થઈ ગયેલ.તેમણે એક મંદીરમાં લગ્ન કરી લીધેલા.ભોગ બનનારના નમુના લીધેલા અને ત્યારબાદ તેમની હોસ્પીટલના ગાયનેકોલોજીસ્ટને વધુ તપાસ અર્થે રીફર કરેલા આ બાબતે પોલીસ યાદી આંક–૯ થી તથા ભોગ બનનારના અસલ કેસ પેપર્સની સ્થળપ્રત આંક–૧૦ થી તથા ભોગ બનનારના નમુનાઓ સાથે ફોર્મ–૨(બી)આંક–૧૧ તથા ભોગ બનનારના અસલ કેસ પેપર્સ આંક–૧૨ થી રજુ કરેલ છે.આમ આ ડોકટરની જુબાની ધ્યાને લઈએ તો ભોગ બનનાર આ કામના આરોપી સાથે ગયેલ હોવાનું પુરવાર થયેલ છે.

(૧૨) ફરીયાદ પક્ષે સાહેદ નં.૨ તરીકે આંક–૧૩ થી ડો.ઉષ્મા જયંત

રણાતને તપાસવામાં આવેલ છે. તેમણે તા.૧૫.૧૦.૧૬ ના રોજ આરોપીની શારીરીક તપાસણી કરેલી.આરોપીએ આ ડોકટર રૂબરૂ હીસ્ટ્રીમાં એવું જણાવેલ કે તેઓ ભોગ બનનારને બે વર્ષથી ઓળખતા હતા અને તેઓની સગાઈ થઈ ગયેલી હતી.તેઓ ભોગ બનનાર સાથે તા.૯.૧૦.૧૬ ના રાત્રે ૧૧-૦૦ કલાકે ગરબા રમ્યા પછી બસમાં ભાગી ગયેલો અને પાવાગઢ પહોંચેલ અને ત્યાંથી તે ભોગ બનનારને તેમના ગામ નિંગાળા લઈ ગયેલ અને ત્યાં બે દીવસ રોકાયેલ અને તે દરમ્યાન ભોગ બનનારની સંમતીથી કોઈપણ જાતના ગર્ભનિરોધક સાધન વગર તેઓએ બે વાર શરીર સંબંધ બાંધેલો અને તેઓ તા.૧૫.૧૦.૧૬ ના રોજ સુરત પાછા આવેલા અને પોલીસ રૂબરૂ હાજર થયેલા.આ ડોકટર દ્વારા આરોપીના જરૂરી સેમ્પલો લેવામાં આવેલ તેની નોંધ કરેલ છે અને આંક-૧૪ થી પોલીસ યાદી,આંક-૧૫ થી કેસ પેપર્સ તથા આંક-૧૬ થી આરોપીના નમુના સાથે ફોર્મ-૨(બી)ભરેલ તેની નકલ રજુ કરેલ છે.આમ બંને ડોકટર રૂબરૂની હીસ્ટ્રીઓ ધ્યાને લેવામાં આવે તો ભોગ બનનાર અને આરોપી એકબીજાની સંમતીથી તેમની વચ્ચે સગાઈ થયેલી હોવાથી ભાગી ગયેલ હોવાનું અને સંમતીથી શારીરીક સંબંધ બાંધેલ હોવાની હકીકત પુરવાર થાય છે. ભોગ બનનાર કે આરોપીના શરીર ઉપર બળજબરી કર્યાના કે પ્રતિકાર કર્યાના ઈજાના કોઈ નિશાન જણાતા નથી અને અગાઉ ચર્ચા કર્યા મુજબ ભોગ

બનનાર ઉપર જબરજસ્તી થયેલ હોવાનું પુરવાર થતુ નથી વળી આંક−૩૦ અને આંક−૩૧ થી રજુ થયેલ એફ.એસ.એલ.ના બાયોલોજી અને સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ ધ્યાને લેતાં ભોગ બનનાર અને આરોપીના કપડાં પૈકી ભોગ બનનારના નીકર ઉપર એબી જુથનું રૂધીર અને આરોપીના અંડરવીયર ઉપરથી બી જુથનું રૂધીર અને વીર્ય મળી આવેલ છે. ભોગ બનનારનું રૂધીર જુથ એબી છે અને આરોપીનું રૂધીર જુથ(બી)છે.આમ એકબીજાના કપડાં ઉપર એક જ જુથનું રૂધીર મળી આવેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી તેમ છતાં બંને વચ્ચે શારીરીક સંબંધ બંધાયેલ હોય તો ભોગ બનનાર પુખ્ત વયની છે અને પોતાની મરજીથી આરોપી સાથે ગયેલ છે અને પોતાની મરજીથી સંબંધ બાંધેલ છે જેથી ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો ગુના નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૨,૩ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૪ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– આ ખ રી હુ ક મ –**

આરોપી નરેશ ઉર્ફે નરીયો ધીરૂભાઈ સાથળીયાને અમરોલી પોલીસ સ્ટેશન ફસ્ર્ટ ગુના રજી.નં.૧૦૧/૨૦૧૬, ઈ.પી.કો. કલમ ૩૬૩,૩૬૬,૩૭૬ તથા ધ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એકટ−૨૦૧૨ ની કલમ ૪ અને ૬મુજબના શિક્ષાનેપાત્ર ગુના સબબ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિમી.પ્રોસી.કોડની કલમ–૪૩૭એ મુજબ આરોપી અપીલ થવાના પ્રસંગે એપેલન્ટ કોર્ટ સમક્ષ હાજર રહેશે તેવી ખાત્રી માટે આરોપીએ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર)ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપવાનો રહેશે.

આ હુકમ આજ તા.૨૯ મી માહે ડીસેમ્બર સને ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સુરત

તારીખઃ૨૯.૧૨.૨૦૧૮

(પ્રકાશચંદ્ર સમરતાભાઈ કાલા)
વધારાના સત્ર ન્યાયાધીશ અને
ખાસ જજ(પોકસો) સુરત
કોડ નં.જીજે–૦૦૪૩૬